સુડોકુ - 'કઠિન' ૬૪૧૯

૫	૧		૪					
૪	૮		૨	૧	૬		૯	૭
				૯	૮		૪	
૧	૭			૫		૪	૩	
		૨				૯	૬	
૮					૨		૫	
		૧	૯	૮	૪			
૨	૪			૩	૭	૮		૯
૯	૬			૨	૫		૭	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૬	૫	૯	૮	૧	૩	૪
૩	૫	૧	૭	૬	૪	૫	૯	૯
૫	૯	૪	૨	૧	૩	૬	૬	૭
૫	૫	૭	૯	૩	૬	૬	૨	૮
૧	૫	૩	૬	૨	૭	૯	૪	૫
૯	૨	૫	૩	૭	૧	૪	૬	૩
૬	૪	૭	૧	૫	૨	૩	૭	૧
૪	૬	૧	૨	૫	૭	૭	૩	૯
૭	૩	૫	૪	૧	૯	૨	૫	૬

૧૬૨૩-૧૬૬૭ ક્રિટિક

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

અપચો

સૂંઠ, મરી, લીંડી પેપર, વાવડીંગ, સિંધવ, કુદીનો, અને હિંગ સમાન ભાગ લઈ વાટી ચૂર્ણ કરવું. એક ચમચી પાણી સાથે લેવું.

શબ્દગુંફન - ૭૧૪૨

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. મદદગાર, સહાયક (૫)
૪. ઘટ, ખોટ (૩)
૬. ખેલ (૩)
૭. આદર (૨)
૧૦. લીન (૨)
૧૧. ધૂળ (૨)
૧૨. ચાલવાનો અવાજ (૪)
૧૪. રેતીનું મેદાન (૨)
૧૫. અવાજ(૨)
૧૬. મક્કાની જાત્રા (૨)
૧૭. પાણી (૨)
૧૮. દેખાતું બંધ થવું તે (૨)
૧૯. ઉપાધિ, દરજ્જો (૨)
૨૧. અન્ય, બીજું (૨)
૨૩. દુનિયા (૨)
૨૪. વૃદ્ધ (૩)
૨૫. વગાડવું તે (૩)
૨૬. ફૂલમાંની રજ (૩)
૨૭. મૃત્યુના દેવ (૨)
૨૮. પવન (૩)
૨૯. પવિત્ર સ્થળ (૨)
૩૦. વિજય (૨)
૩૧. નવલું (૩)
૨૧. થોડા વાળની સેર (૨)

ઊભી ચાવી
૧. મોટું (૨)
૨. કૃપા (૨)
૩. હોડ, બોલી (૩)
૪. કાગળના ટુકડા (૪)
૫. સુંદર સ્ત્રી (૨)
૮. રોકડું (૩)
૯. નસ (૨)
૧૦. અવાજ (૨)
૧૨. મરણ પામેલું (૬)
૧૩. કિંમતી પથ્થર (૨)
૧૪. સહેજ (૨)
૧૫. સારાપણું (૩)
૧૬. સીમા, મર્યાદા (૨)
૧૯. ચાલવાનો અવયવ (૨)
૨૦. રસ્તો (૩)
૨૨. પ્રથા (૩)
૨૩. લોકમત (૪)
૨૪. થોડુંક (૨)
૨૬. પડતી (૩)
૨૭. જોડકું (૩)



૯૨૧૭ - ૧૬૬૭ ક્રિટિક

આજનું પંચાંગ

તા. 10/01/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** પૌષ
તિથિ: વદ: સાતમ : 08:24 પછી કાલાષ્ટમી
રાષ્ટ્રિય દિનાંક : પૌષ : 20 **અયન :** ઉત્તરાયન
ઋતુ :શિશિર **નક્ષત્ર :** હસ્ત : 15:40
યોગ : અતિગંડ **કરણ:** બાવલ
રાશિ: કન્યા (પ,ઠ,ણ) 28:54 પછી તુલા (૨.ત.)
દિવસ : સામાન્ય -શ્રી રામાનંદાચાર્ય જયંતી
સુરતમાં સૂર્યોદય : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:19 **નવકારસી:** 08:07
પારસી વર્ષ : 1395, અમરદાદ માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ : 1447, રજ્જબ માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે : 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): જૂનાં દર્દો પરેશાન કરશે. હરીફોથી નુકસાન થઇ શકે છે. સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહેશે.

વૃષભ (બ,વ,ઉ,): નવા મિત્રો અને સંબંધીઓ સાથે વ્યવહારમાં સાવધાન રહેવું. અચાનક કોઇ તક મળી શકે છે.

મિથુન (ક,છ,ઘ,): બહારના કામનો બોજ વધશે. સામાજિક પ્રસંગમાં હાજર રહેવાનું અને નવા લોકોને મળવાનું બને.

કર્ક (ડ,હ,): હાથ પરનાં કામ પાર પડશે. નવી નોકરીની શક્યતા વધશે. અડોશપડોશ સાતે વિવાદ ટાળવો.

સિંહ (મ,ટ,): ખાણી-પીણી અને મોજ-શોખ તથા માર્કેટીંગનાં વ્યવસાય ધંધામાં અચાનક સફળતા મળે.

કન્યા (પ,ઠ,ણ,): ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. નવાં વેપાર-ધંધા માટે નવી દિશાથી ઉત્સાહ વધશે.

તુલા (ર,ત,): બીન જરૂરી ખર્ચા વધશે. સમાજ સેવાનાં કામમાં યશ મળે. ધાર્મિક પ્રવાસ થાય.

વૃશ્ચિક (ન,ય,): ઉચ્ચકક્ષાના મિત્રો, ભાઈ-બહેન વગેરેનો સાથ મળે. સંતાનો માટેની કોઇ યોજનામાં પ્રગતિ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): અચાનક નવી તક મળે. જાહેર જીવનમાં સાવધાની રાખવી. સંપતિ-મકાન બાબતે પ્રગતિ થાય.

મકર (ખ,જ,): ઉચ્ચ શિક્ષણ લેખન, કાયદા -કાનૂન, વિદેશમાં વિદ્યાભ્યાસ અને ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં લાભ.

કુંભ (ગ,સ,શ,ષ,): આરોગ્ય માટે સાવધાની રાખવી. આંખની કાળજી લેવી. પડવા-વાગવાથી સાવધાન રહેવું.

મીન (દ,ચ,ઝ,થ,): ભાગીદારોની મિટીંગ હકારાત્મક રહે. નોકરીમાં સહકાર મળે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 10 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ જનક પસાર થશે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. સમાજ-પરિવારમાં પ્રભાવ વધે. સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થા. પ્રેમ વિવાહમાં મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાતી નવા રોકાણ થાય. નવા ઘર, વાહન, મકાનની યોનજા પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીનના કામ થાય. વર્ષ દરમિયાન જુલાઈ-ઓગસ્ટ-રવિ, સોમવાર અને 1,10,28 તારીકે નવા કામની શરૂઆત કરી શકાય. નવેમ્બર - ડિસેમ્બર, શનિ-શુક્રવાર, 07, 16,25 તારીખ ટાળવી સોનેરી, ભૂરો કથ્થઇ રંગ વાપરતાં રહેવું. શ્યામ વર્ષનો રંગ ટાળવો. મિત્રો-વડીલોની મદદ વધારાની આવક માટેની યોજનામાં મળે. મૂળ આંક 1, 4, 9 સાથે સારુ રહે. મૂળ આંક 6-7 થી સાવધાન રહેવું યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળશે.

હનીટ્રેપ કરી વેપારી પાસે NCPના નેતાએ 10 કરોડ માંગ્યા

અમદાવાદ : અમદાવાદમાં વેપારીને હનીટ્રેપમાં ફસાવી વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી 10 કરોડની માંગણી કરતા એક મહિલા સહિત બે આરોપીની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના ગુજરાત પ્રદેશના ઉપ પ્રમુખ તથા સત્યા ટાઈમ્સ ડેઈલી ન્યુઝ પેપરના તંત્રી અશ્વિન લક્ષ્મીકાંત ચૌહાણની તથા સુનીતા ઉર્ફે એની રાજપુતની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદમાં મહિલા સુનિતા ઉર્ફે એની રાજપુતએ ફરિયાદી વેપારીને હની ટ્રેપમાં ફસાવીને અંગત પળોનો ન્યુડ વિડિયો તેની જાણ બહાર ઉતારી લઈને સત્યા ટાઈમ્સ દૈનિક ન્યુઝ પેપરના તંત્રી અશ્વિન ચૌહાણ સાથે મુલાકાત કરી આ વિડીયો આપીને બંનેએ ભેગા મળી ફરિયાદી વેપારીને ડરાવી ધમકાવી વિડિયો સોશિયલ મીડિયામાં તેમજ ન્યુઝ પેપરમાં છાપી વાઈરલ કરી દેવાની ધમકી આપી 10 કરોડની માંગણી કરી હતી, ત્યારબાદ પતાવટ કરવા 24 કલાકમાં 7 કરોડ આપવામાં ન આવે તો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી.

દરમિયાનમાં વેપારીએ આ અંગે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપી અશ્વિન લક્ષ્મીકાંત ચૌહાણ ઉં.વ.39, રહે ક્રિષ્નાકુટીર શાહપુર દરવાજા. અમદાવાદ અને સુનીતા ઉર્ફે એની રાજપુતની ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદના સરસપુરમાં ડ્રેનેજ લાઈનનું ઢાંકણું પડતા માસુમ બાળકનું મૃત્યુ

અમદાવાદ, તા. 9: અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં ડ્રેનેજ મેઈ લાઈનનું ઢાંકણું ચાર વર્ષના બાળક ઉપર પડતાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાને કારણે સ્થાનિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવા પોતાની તમામ તાકાત અજમાવી રહ્યા છે

અમેરિકા દુનિયાનો સુપરપાવર નથી પણ દુનિયાનો ગુંડો છે. અમેરિકા ધારે તો કોઈ દેશના રાષ્ટ્રપતિનું અપહરણ કરાવી શકે છે અને કોઈની હત્યા પણ કરાવી શકે છે. અમેરિકાની ગુપ્તચર સંસ્થાઓ દાયકાઓથી અમેરિકાનાં હિતોને ફાયદો ન કરાવે તેવી સરકારનું પતન અને પરિવર્તન કરાવતી આવી છે, પણ અમેરિકાની સરકાર ક્યારેય તેની જવાબદારી લેતી નહોતી. હવે ડોનાલ્ડ ટ્રમ્પની આગેવાની હેઠળની સરકાર એટલી નફ્ફટ બની ગઈ છે કે તે પોતાને માફક ન આવે તેવી સરકારને ઉથલાવી પાડે છે અને તેની ક્રેડિટ લેવામાં પણ શરમનો અનુભવ કરતી નથી. નજીકના ભૂતકાળમાં ભારતના બે પડોશી દેશો પાકિસ્તાન અને બાંગ્લા દેશમાં સત્તાપલટો થયો તેમાં સ્પષ્ટપણે અમેરિકાનો હાથ હતો. હવે અમેરિકા ઇરાનમાં એ જ દાવ રમી રહ્યું છે. કોઈ પણ દેશમાં જેમ શાસક પક્ષ હોય છે તેમ વિરોધ પક્ષ પણ હોય છે. અમેરિકા શાસક પક્ષ તેમ જ વિરોધ પક્ષના નેતાઓને પણ સામ, દામ, દંડ અને ભેદની નીતિ દ્વારા પોતાના વશમાં રાખે છે. જો શાસક પક્ષના નેતા અમેરિકાના ઇશારા પર નાચવાનો ઇનકાર કરે તો અમેરિકા વિપક્ષી નેતાને તમામ પ્રકારની સહાય પૂરી પાડીને સત્તાપરિવર્તન કરાવે છે. ઇરાનમાં વર્તમાન સરકારને ઉથલાવી પાડવા અમેરિકા ઇરાનના ભૂતપૂર્વ શાહના પુત્ર રેઝા પહેલવીનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયાના વિડીયો ફૂટેજમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીને હટાવવાની અને દેશના છેલ્લા શાહના દેશનિકાલ પુત્ર રેઝા પહલવીને પરત લાવવાની માંગણી કરતા વિરોધીઓ દર્શાવવામાં આવ્યા હતા, જેમણે તેમના સમર્થકોને રસ્તા પર ઊતરવા માટે વિનંતી કરી હતી.

ઈરાનમાં સતત ૧૨ દિવસથી સરકાર સામે વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં છે. અમેરિકન ડોલર સામે ઈરાની ચલણના સતત અવમૂલ્યન અને વધી રહેલા ફુગાવા સામેના ગુસ્સા પછી વિરોધ પ્રદર્શન શરૂ થયાં હતાં અને ઈરાનના તમામ ૩૧ પ્રાંતોનાં ૧૦૦ થી વધુ શહેરો અને નગરોમાં ફેલાઈ ગયાં હતાં. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૪ વિરોધીઓ માર્યા ગયા છે, જેમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત આઠ સુરક્ષા કર્મચારીઓનાં પણ મોત થયાં છે.

વોશિંગ્ટન ડી.સી.માં રહેતા રેઝા પહલવીએ ઈરાનીઓને રસ્તાઓ પર ઊતરવા અને તેમની માંગણીઓ ઉઠાવવા માટે એક થવાનું આહ્વાન કર્યા પછી વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે. ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિમાં રેઝા પહલવીના પિતાને સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા હતા. વીડિયોમાં શાહ અમર રહો અને આ છેલ્લી લડાઈ છે, પહેલવીઓ પાછા આવશે, જેવા નારા સંભળાય છે. કેટલાંક લોકો ઓવરબ્રિજ પર ચઢતા અને સર્વેલન્સ કેમેરા જેવા દેખાતાં તત્ત્વોને દૂર કરતાં જોવા મળે છે. ઓનલાઈન પોસ્ટ કરાયેલા અન્ય એક વીડિયોમાં પૂર્વી તેહરાનમાં મુખ્ય રસ્તા પર મોટી સંખ્યામાં વિરોધીઓ ચાલતા જોવા મળ્યા હતા. મધ્ય ઈરાનના શહેર ઇસ્ફહાનના એક વીડિયોમાં વિરોધીઓ સરમુખત્યારશાહી મુલતવી રાખોના નારા લગાવતા દેખાય છે, જે સર્વોચ્ચ નેતા ખામેનીને ઉદ્દેશીને પોકારાઈ રહ્યા છે. ઉત્તરીય શહેર બાબોલમાં શાહ અમર રહો અને ઉત્તરપશ્ચિમ શહેર તબ્રીઝમાં ડરશો નહીં, આપણે બધા સાથે છીએના નારાઓ સંભળાયા હતા.

ઈરાનના રાજ્ય મીડિયાએ ગુરુવારના અશાંતિના પ્રમાણને ઓછું આંક્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો ખાલી શેરીઓના વીડિયોનો ઉપયોગ કરીને એવો દાવો પણ કર્યો છે કે કોઈ વિરોધ પ્રદર્શન થયા જ નથી. દરમિયાન, ઇન્ટરનેટ મોનિટરિંગ સંસ્થા નેટબ્લોક્સે જણાવ્યું હતું કે તેમના ડેટા દર્શાવે છે કે ઈરાન હાલમાં દેશવ્યાપી ઇન્ટરનેટ શટડાઉનનો અનુભવ કરી રહ્યું છે. આ ઘટના દેશભરમાં વિરોધ પ્રદર્શનોને લક્ષ્ય બનાવતા ડિજિટલ સેન્સરશીપ પગલાં પછી આવી છે. આનાથી લોકોના નિર્ણાયક સમયે એકબીજા સાથે વાતચીત કરવાના અધિકાર પર અસર પડી છે.

પશ્ચિમી પ્રાંત ઇલમના નાના શહેર લોમારના વીડિયોમાં લોકો 'તોપો, ટેન્ક, ફટાકડા, મૌલવીઓ જવા જ જોઈએ'ના નારા લગાવતા દર્શાવવામાં આવ્યા હતા. આ નારાને ધાર્મિક સત્તા સાથે જોડવામાં આવી રહ્યા છે. બીજા એક વીડિયોમાં લોકો બેંકની બહાર હવામાં કાગળો ફેંકતા દર્શાવવામાં આવ્યા હતા. બીજા એક વીડિયોમાં ઇલમ, કર્માનશાહ અને લોરેસ્તાન પ્રાંતના ઘણા કુર્દિશ શહેરો અને નગરોમાં દુકાનો બંધ જોવા મળી હતી. આ ઘટનાક્રમ દેશનિકાલ કરાયેલા કુર્દિશ વિરોધ જૂથો દ્વારા કરવામાં આવેલી અપીલ બાદ બન્યો, જેમાં પ્રદેશમાં પ્રદર્શનો પરના ઘાતક કાર્યવાહીના વિરોધમાં હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું. કુર્દિશ માનવાધિકાર સંગઠન હેંગાવના જણાવ્યા અનુસાર અશાંતિ દરમિયાન ઇલમ, કર્માનશાહ અને લોરેસ્તાનમાં સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૧૭ વિરોધીઓ માર્યા ગયા છે, જેમાંથી ઘણા કુર્દિશ અથવા લોર વંશીય લઘુમતીમાંથી હતા. બુધવારે, પશ્ચિમ ઈરાનનાં અનેક શહેરો અને નગરોમાં તેમજ અન્ય વિસ્તારોમાં વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણો થઈ હતી.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ફરી એક વાર ચેતવણી આપી હતી કે જો ઈરાની અધિકારીઓ વિરોધીઓને મારી નાખશે તો અમેરિકા લશ્કરી કાર્યવાહી કરી શકે છે. હ્યુ હેવિટ શો સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે ''મેં તેમને કહ્યું છે કે જો તેઓ લોકોને મારવાનું શરૂ કરશે, જેમ કે તેઓ ઘણી વાર તેમનાં રમખાણો દરમિયાન કરે છે, તો અમે તેમને ખૂબ જ કડક જવાબ આપીશું.''અગાઉ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સુરક્ષા દળોને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોનો સામનો કરવા માટે સંપૂર્ણ સંયમ રાખવા વિનંતી કરી હતી. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીએ શનિવારે કહ્યું હતું કે ''અધિકારીઓએ વિરોધકર્તાઓ સાથે વાત કરવી જોઈએ, પરંતુ તોફાનો કરનારાઓને તેમનું સ્થાન બતાવવું જોઈએ.''ખુલ્લા બજારમાં અમેરિકન ડોલર સામે ઈરાની ચલણ રિયાલના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી ગુસ્સે ભરાયેલા તેહરાનમાં દુકાનદારો ૨૮ ડિસેમ્બરે રસ્તા પર ઊતરી આવ્યા ત્યારે વિરોધ પ્રદર્શન શરૂ થયાં હતાં. છેલ્લા એક વર્ષમાં, ઈરાની રિયાલ રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે અને ફુગાવો ૪૦ ટકા સુધી પહોંચી ગયો છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર લાદવામાં આવેલા પ્રતિબંધોએ પણ અર્થતંત્રને અસર કરી છે.

ઇસ્લામિક ક્રાંતિ પછીનો સૌથી મોટાં વિરોધ પ્રદર્શનો ૨૦૦૯ માં થયાં હતાં, જ્યારે વિવાદિત રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ લાખો ઈરાનીઓ મુખ્ય શહેરોની શેરીઓમાં ઊતરી આવ્યાં હતાં. ત્યાર બાદ થયેલી કડક કાર્યવાહીમાં ડઝનબંધ વિપક્ષી સમર્થકો માર્યા ગયાં હતાં અને હજારોની અટકાયત કરવામાં આવી હતી. હવે કેટલાક વિરોધીઓ સ્વર્ગસ્થ શાહ મોહમ્મદ રેઝા પહલવીના પુત્રના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા પણ સાંભળવામાં આવ્યા હતા, જેમને ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિમાં ઉથલાવી દેવામાં આવ્યા હતા, જેમાં 'શાહ લાંબુ જીવો'નો સમાવેશ થાય છે. જવાબમાં, અમેરિકામાં દેશનિકાલની હાલતમાં જીવી રહેલા રેઝા પહલવીએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું કે હું તમારી સાથે છું. આપણે જીતીશું, કારણ કે અમારું કારણ સાચું છે અને આપણે એક છીએ. જ્યાં સુધી આ સરકાર સત્તામાં રહેશે, ત્યાં સુધી દેશની આર્થિક સ્થિતિ બગડતી રહેશે.

સોમવારે ફ્લોરિડામાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેની બેઠકમાં ઈરાન મુખ્ય એજન્ડામાં હોવાનું જાણવા મળ્યું છે. એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનમાં શાસન પરિવર્તનને સમર્થન આપ્યું છે કે કેમ તે અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ કહ્યું હતું કે તેમને ઘણી સમસ્યાઓ છે. ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું કે જો ઈરાન તેના બેલિસ્ટિક મિસાઈલ અથવા પરમાણુ કાર્યક્રમો ફરી શરૂ કરે છે, તો તેઓ ઈરાન પર અમેરિકાના બીજા તબક્કાના હવાઈ હુમલાને સમર્થન આપી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વોશિંગ્ટન ડી.સી.માં રહેતા રેઝા પહલવીએ ઈરાનીઓને રસ્તાઓ પર ઊતરવા અને તેમની માંગણીઓ ઉઠાવવા માટે એક થવાનું આહ્વાન કર્યા પછી વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે

અનુસંધાન ... પાના પહેલાનું

મોદીએ ટ્રમ્પને ફોન...

કરાયેલા 'ઓલ-ઈન પોડકાસ્ટ'માં જાહેર કરવામાં આવી હતી. એક મોટા ખુલાસામાં લુટનિકે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેનો લાંબા સમયથી પેન્ડિંગ વેપાર સોદો નીતિ વિષયક મતભેદોને કારણે નહીં, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ સાથે સીધી વાત કરવાનો ઇનકાર કર્યો હોવાને કારણે સફળ થઈ શક્યો ન હતો. આ ઘટના ટ્રમ્પ વિશે ઘણું બધું કહી જાય છે જેઓ ખુશામત પર જીવે છે. લુટનિકે દાવો કર્યો હતો કે આખો વેપાર સોદો તૈયાર થઈ ગયો હતો, પરંતુ તેને નિષ્કર્ષ પર પહોંચાડવા માટે મોદીએ ટ્રમ્પને ફોન કરવાની જરૂર હતી.

તેમણે કહ્યું કે ભારતને વાટાઘાટોને આખરી ઓપ આપવા માટે એક સ્પષ્ટ અને સમયબદ્ધ સમયગાળો - ત્રણ શુક્રવાર - આપવામાં આવ્યો હતો. જો કે, તેમણે દલીલ કરી હતી કે ભારત સરકાર આનાથી સહમત નહોતી અને અંતે મોદીએ ફોન કર્યો ન હતો. પરિણામ? ભારત તેની સરખામણીએ વિયેતનામ અને ઇન્ડોનેશિયા જેવા દેશોથી પાછળ રહી ગયું, જેઓ એક સમયે વાટાઘાટોની કતારમાં ભારતની પાછળ હતા. લુટનિકની આ ટિપ્પણી ટ્રમ્પના એ નિવેદનના થોડા દિવસો બાદ આવી છે, જેમાં તેમણે જણાવ્યું હતું કે ભારત રશિયા પાસેથી જે તેલની ખરીદી કરી રહ્યું છે તેનાથી તેઓ નાખુશ છે અને તે વિશે મોદી જાણે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે વોશિંગ્ટન નવી દિલ્હી પર ખૂબ જ ઝડપથી આયાત વેરો વધારી શકે છે.

ઈરાન સંકટ: આર્થિક પતનથી સત્તાપલટાની માંગ સુધીનો ઘટનાક્રમ

ઈરાન સંકટ: આર્થિક પતનથી સત્તાપલટાની માંગ સુધીનો ઘટનાક્રમ

૨૮ ડિસેમ્બર: ઈરાની રિયાલ ગગડીને રેકોર્ડબ્રેક નીચી સપાટીએ પહોંચતા અને મોંઘવારી વધતા તેહરાનથી વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ.

૨૯-૩૦ ડિસેમ્બર: સેન્ટ્રલ બેંકના વડાનું રાજીનામું. દેખાવકારો પર ટીયર ગેસનો મારો. રાષ્ટ્રપતિ પેઝેશ્કિયન દ્વારા આર્થિક સુધારાનું આશ્વાસન.

૧ જાન્યુઆરી: પ્રથમવાર હિંસામાં મોત નોંધાયા. લોરેસ્તાન પ્રાંતમાં ભારે ગોળીબાર અને આગજની વચ્ચે ૭ લોકોના મોતની પુષ્ટિ થઈ.

૨ જાન્યુઆરી: ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી– જો ઈરાન પ્રદર્શનકારીઓને મારશે, તો અમેરિકા બચાવ માટે આવશે. ટ્રમ્પે કહ્યું, "અમે સજ્જ (Locked and Loaded) છીએ."

૩-૬ જાન્યુઆરી: સર્વોચ્ચ નેતા ખામેનેઈ દ્વારા કડક હાથે દબાવવાનો આદેશ. મૃત્યુઆંક વધીને ૩૬ થયો અને ધરપકડનો આંકડો ૫૮૦ પર પહોંચ્યો.

૮-૯ જાન્યુઆરી: દેશવટો ભોગવતા ક્રાઉન પ્રિન્સની હાકલ બાદ આંદોલન દેશવ્યાપી બન્યું. સરકારે ઇન્ટરનેટ અને ફોન કોલ્સ બ્લોક કર્યા.

અમેરિકાના '500%...

પર 500 ટકા સુધીનો ટેરિફ લાદવા માંગે છે. ભારત અને ચીન એવા જૂજ દેશોમાં સામેલ છે જે રશિયા પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ઓઈલની ખરીદી કરી રહ્યા છે. આ ખરડાના લેખક, અમેરિકી સેનેટર લિન્ડસે ગ્રેહામે આ અઠવાડિયે જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રસ્તાવિત કાયદાને મંજૂરી આપી દીધી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમની સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, અમે પ્રસ્તાવિત બિલથી વાકેફ છીએ. અમે આ બાબતના ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. ભારત રશિયન ક્રૂડ ઓઈલની તેની ખરીદીનો ભારપૂર્વક બચાવ કરતું આવ્યું છે. ભારતનું કહેવું છે કે આ ખરીદી બજારની સ્થિતિ અને દેશના 1.4 અબજ લોકોની ઉર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટે કરવામાં આવે છે. જયસ્વાલે કહ્યું, ઉર્જા સ્રોતોના વ્યાપક પ્રશ્ન પર અમારું વલણ જાણીતું છે. આ પ્રયાસમાં, અમે વૈશ્વિક બજારની બદલાતી ગતિશીલતા અને અમારા 1.4 અબજ લોકોની ઉર્જા સુરક્ષા જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ સ્રોતોમાંથી સસ્તું ઇંધણ મેળવવાની અનિવાર્યતા દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ. બુધવારે, સેનેટર ગ્રેહામે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તેમની ટ્રમ્પ સાથે ખૂબ જ ઉત્પાદક બેઠક થઈ હતી અને પ્રમુખે રશિયા પરના પ્રતિબંધોના બિલને મંજૂરી આપી છે જે મહિનાઓથી તૈયાર કરવામાં આવી રહ્યું હતું.

ભારતનો પલટવાર:...

મોદી અને ટ્રમ્પે વર્ષ 2025માં આઠ પ્રસંગોએ ટેલિફોનિક વાતચીત કરી હતી, જેમાં સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અમે આ ટિપ્પણીઓ જોઈ છે. ભારત અને અમેરિકા ગત વર્ષે ૧૩ ફેબ્રુઆરી જેટલા લાંબા સમય પહેલા જ દ્વિપક્ષીય વેપાર કરાર માટે વાટાઘાટો કરવા માટે પ્રતિબદ્ધ હતા તેમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અનેક પ્રસંગોએ અમે સોદાની ખૂબ નજીક પહોંચ્યા હતા. કરવામાં આવેલી ટિપ્પણીઓમાં આ ચર્ચાઓનું જે રીતે વર્ણન કરવામાં આવ્યું છે તે સચોટ નથી. પ્રસંગોપાત, વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૨૦૨૫ દરમિયાન આઠ પ્રસંગોએ ફોન પર વાતચીત પણ કરી છે, જેમાં અમારી વ્યાપક ભાગીદારીના વિવિધ પાસાઓ આવરી લેવામાં આવ્યા છે, તેમ તેમણે જણાવ્યું હતું. આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે, ગયા વર્ષ દરમિયાન એવો કોઈ પ્રસંગ આવ્યો ન હતો જ્યારે ફોન કોલ દ્વારા વ્યાપાર સમજૂતી પર અંતિમ મહોર મારવામાં મદદ મળી શકી હોય.

ઈરાનમાં જન-આક્રોશ...

સૌથી મોટા શહેર મશહદ પર હવે પ્રદર્શનકારીઓએ કબજો કરી લીધો છે. દસ લાખથી વધુ લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઈરા